NTSE – 2019

વિભાગ - 2

કુલ સમય	કુલ ગુણ
90 મિનિટ	100

P-2

બેઠક નંબરઃ | | | | | | |

પરીક્ષાર્થીઓ માટે સૂચના

નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR SHEET પર જ જવાબ આપો.

1. આ પેપરમાં નીચે મુજબ વિભાગ-1ના પ્રશ્નોની સંખ્યા, સમય અને ગુણ છે.


વિભાગ	વિભાગનું નામ	પ્રશ્ન ક્રમાંક	સમય	ગુણ
2	શાળાકીય યોગ્યતા કસોટી	1 થી 100	90 મિનિટ	100

2. આ વિભાગ માટે સળંગ 90 મિનિટનો સમય રહેશે.
3. **તમામ પ્રશ્નો ફરજિયાત છે.**
4. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઇજ આપવામાં આવેલ છે.
5. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.

SEAL

રફ કામ માટેનું પેઇજ

વિભાગ-2 : શાળાકીય યોગ્યતા કસોટી

1	બહુપદી $x^4 - x^3 + 2x^2 - x - 1$ ને $x + 1$ વડે ભાગતા મળતી શેષ _____ (A) 2 (B) -2 (C) 4 (D) 0
2	બહુપદી $p(x) = x^3 + 1$ ના વાસ્તવિક શૂન્યોની સંખ્યા _____ (A) 1 (B) 0 (C) 3 (D) 2
3	અર્ધગોલકનું કુલ પૃષ્ઠફળ 4158 સેમી^{2} હોય તો તેની ત્રિજ્યા _____ (A) 7 સેમી (B) 21 સેમી (C) 3.5 સેમી (D) 42 સેમી
4	અવલોકનો 3, 4, -5, -3, 0, 7, 1, 5, 9 નો મધ્યસ્થ _____ (A) 3 (B) -3 (C) 0 (D) 5
5	આકૃતિમાં $\angle PQR : \angle ROQ = 5 : 7$ તો $m\angle SOQ$ = ____  (A) 105° (B) 75° (C) 90° (D) 110°
6	$\frac{14580}{625\times3}$ ના દશાંશ નિરૂપણમાં દશાંશ ચિહ્ન બાદ _____ અંક મળે. (A) 2 (B) 3 (C) 4 (D) 5
7	બે સંખ્યાઓ 96 અને 404 નો ગુ.સા.અ. 4 હોય તો લ.સા.અ. _____ (A) 16016 (B) 9616 (C) 1250 (D) 9696
8	દ્વિઘાત બહુપદી $-x^2 + 2x + 8$ ના શૂન્યોનો સરવાળો _____ (A) -2 (B) 2 (C) -8 (D) -4
9	દ્વિઘાત બહુપદી $p(x) = 2x^2 - 3x + (K - 1) = 0$ ના શૂન્યો પરસ્પર વ્યસ્ત હોય તો K = ____ (A) 3 (B) 2 (C) $\frac{1}{2}$ (D) 1
10	સમીકરણયુગ્મ $5x - 8y + 1 = 0$, $3x - \frac{24}{5}y + \frac{3}{5} = 0$ ને _____ ઉકેલ મળે. (A) અનન્ય (B) અનંત (C) બે (D) એકપણ નહિ
11	5 વર્ષ પછી પિતા અને પુત્રની ઉંમરનો સરવાળો 70 થશે તો 4 વર્ષ પહેલા તેમની ઉંમરનો સરવાળો _____ થાય. (A) 62 (B) 66 (C) 56 (D) 52

12	નાનામાં નાની અવિભાજ્ય સંખ્યા અને નાનામાં નાની વિભાજ્ય સંખ્યાનો ગુ.સા.અ. _____ (A) 1 (B) 2 (C) 3 (D) 4
13	સમાંતર શ્રેણી $-3, -\frac{1}{2}, 2 \ldots$ નુ 11 મુ પદ _____ (A) 28 (B) 22 (C) -38 (D) $-48\frac{1}{2}$
14	પ્રથમ 1000 ધન પૂર્ણાંક સંખ્યાઓનો સરવાળો _____ (A) 5050 (B) 50005 (C) 500500 (D) 50500
15	બિંદુ $(-2, -3)$ નું Y અક્ષથી લંબઅંતર _____ (A) 2 (B) 3 (C) $\sqrt{13}$ (D) 5
16	X અક્ષ, બિંદુઓ A (1, −5) અને B (3,4) ને જોડતા રેખાખંડનુ A (1, −5) તરફથી _____ ગુણોત્તરમાં વિભાજન કરે છે. (A) $-4:5$ (B) $1:3$ (C) $5:4$ (D) $-5:4$
17	એક પાસાને બે વખત ઉછાળતા ઉપરના પૃષ્ઠ પર ઓછામાં ઓછી એકવાર 5 મળે તેની સંભાવના ___ (A) $\frac{1}{6}$ (B) $\frac{5}{36}$ (C) $\frac{10}{36}$ (D) $\frac{11}{36}$
18	નીચેનામાંથી કયો વિકલ્પ ઘટનાની સંભાવના ન હોઈ શકે ? (A) $\frac{2}{3}$ (B) 15% (C) $\frac{3}{2}$ (D) 0.7
19	"થી ઓછા" પ્રકારનો ઓજીવ દોરવા X અક્ષ પર _____ લેવામાં આવે છે. (A) સંચયી આવૃત્તિ (B) ઉર્ધ્વસીમાઓ (C) અધઃસીમાઓ (D) મધ્યબિંદુઓ
20	$\sum_{i=1}^{9}(xi - \overline{x}) =$ ____ (A) $8\overline{x}$ (B) $9\overline{x}$ (C) 0 (D) 9
21	ઉનાળામાં માટલાનું પાણી કઈ ક્રિયા દ્વારા ઠંડુ રહે છે ? (A) પ્રસરણ (B) ઊર્ધ્વપાતન (C) બાષ્પીભવન (D) આસૃતિ
22	નીચેના પૈકી કયો પદાર્થ ઊર્ધ્વપાતન પામી શકતો નથી ? (A) સોડિયમ ક્લોરાઈડ (B) એમોનિયમ ક્લોરાઈડ (C) એન્થ્રેસીન (D) કપૂર
23	નાઈટ્રિક ઍસિડનું મોલર દળ કેટલું છે ? [H=1, N=14, 0=16] (A) 31 u (B) 36 u (C) 47 u (D) 63 u

24	કયા તત્વનો એક સમસ્થાનિક કેન્સરની સારવારમાં વપરાય છે ? (A) લેડ (B) કોબાલ્ટ (C) યુરેનિયમ (D) આયોડિન
25	કોષમાં કોષકેન્દ્રનું સંશોધન કરનાર સૌ પ્રથમ વૈજ્ઞાનિક કોણ હતા ? (A) રોબર્ટ બ્રાઉન (B) રોબર્ટ હૂક (C) પરકિન્જ (D) બ્લૂવોન હોક
26	મૂત્રપિંડનલિકા તથા લાળગ્રંથિની નલિકાના અસ્તરનું નિર્માણ કરતી પેશી કઈ છે ? (A) લાદીસમ અધિચ્છદ (B) પક્ષ્મલ અધિચ્છદ (C) સ્તંભાકાર અધિચ્છદ (D) ઘનાકાર અધિચ્છદ
27	જડબાવિહિન ચૂષમૂખા પ્રાણી નીચેનામાંથી કયું છે ? (A) લેમ્પ્રી (B) કેમિલિયોન (C) સ્ટિંગ રે (D) સાલામાન્ડર
28	એક ટ્રેન સ્થિર સ્થિતિમાંથી ગતિની શરૂઆત કરે છે અને 5 મિનિટમાં 72 km h^{-1} નો વેગ પ્રાપ્ત કરે છે. તો તેનો પ્રવેગ કેટલો હશે ? (ધારો કે તેનો પ્રવેગ અચળ છે) (A) $\frac{1}{15} ms^{-2}$ (B) $\frac{1}{10} ms^{-2}$ (C) $5\ ms^{-2}$ (D) $10\ ms^{-2}$
29	બળનો એકમ કયો છે ? (A) kg ms^{-1} (B) N.m (C) kg ms^{-2} (D) Pa
30	પૃથ્વી પર 6 kg દળ ધરાવતા પદાર્થનું ચંદ્ર પર દળ કેટલા kg હશે ? (A) 1 (B) 36 (C) $\frac{1}{6}$ (D) 6
31	1 kwh = _____ J (A) 36×10^5J (B) 3.6×10^5J (C) 36×10^6J (D) 3.6×10^4J
32	નીચેના પૈકી કયું સજીવ પરાધ્વનિ ઉત્પન્ન કરે છે ? (A) વહેલ (B) ડોલ્ફીન (C) હાથી (D) ગેંડો
33	નીચેનામાંથી કયો રોગ બૅક્ટેરિયાજન્ય નથી ? (A) એન્થ્રેક્સ (B) ક્ષય (C) ડેન્ગ્યુ (D) ટાઈફોઈડ
34	વૈશ્વિક તાપમાનમાં વધારા માટે શું જવાબદાર છે ? (A) ઓઝોનસ્તરનું વિઘટન (B) ઍસિડ વર્ષા (C) ગ્રીનહાઉસ અસર (D) વીજળીના ચમકારા
35	કઈ માછલી તળાવના મધ્ય વિસ્તારમાંથી પોતાનો ખોરાક લે છે ? (A) કટલા (B) મ્રિગલ (C) કોમન કાર્પ (D) રોહુ

36 તેલી ખાદ્ય પદાર્થને લાંબો સમય સાચવવા માટે કયો વાયુ વપરાય છે ?

(A) કાર્બન ડાયોકસાઈડ અથવા ઑકિસજન (B) નાઈટ્રોજન અથવા ઑકિસજન

(C) કાર્બન ડાયોકસાઈડ અથવા હિલિયમ (D) નાઈટ્રોજન અથવા હિલિયમ

37 નીચેનામાંથી સંયોગીકરણ પ્રક્રિયાઓ કઈ છે ?

(i) $2kclo_3 \xrightarrow{\Delta} 2kcl + 3o_2$ (ii) $Mgo + H_2O \rightarrow Mg(OH)_2$

(iii) $4Al + 3O_2 \rightarrow 2Al_2O_3$ (iv) $Zn + FeSO_4 \rightarrow ZnSO_4 + Fe$

(A) (i) અને (ii) (B) (iii) અને (iv) (C) (ii) અને (iv) (D) (ii) અને (iii)

38 આપણા દાંતનું ઉપરનું આવરણ કયા પદાર્થનું બનેલું છે ?

(A) $Ca_3(PO_4)_2$ (B) $Ca_2(PO_4)_3$ (C) $Mg(OH)_2$ (D) $CaPO_4$

39 ટામેટાંમાં કયો ઍસિડ રહેલો છે ?

(A) સાઈટ્રિક ઍસિડ (B) ઍસિટિક ઍસિડ (C) ઓક્ઝેલિક ઍસિડ (D) ટાર્ટરિક ઍસિડ

40 $CaOCl_2$ સંયોજનનું સામાન્ય નામ શું છે ?

(A) કળીચૂનો (B) બ્લીચીંગ પાવડર (C) ક્લોડેલો ચૂનો (D) બેકિંગ પાવડર

41 સિન્નાબાર એ કઈ ધાતુની કાચી ધાતુ છે ?

(A) Hg (B) Pb (C) Zn (D) Cu

42 કોપર અને ટીનમાંથી બનતી મિશ્રધાતુ કઈ છે ?

(A) પિત્તળ (B) સ્ટીલ (C) સોલ્ડર (D) બ્રોન્ઝ

43 નીચેનામાંથી ભૂંજન પ્રક્રિયાનું ઉદાહરણ કયું છે ?

(A) $ZnCO_3 \xrightarrow{\Delta} ZnO + CO_2$ (B) $2ZnS + 3O_2 \rightarrow 2ZnO + 2SO_2$

(C) $ZnO + C \rightarrow Zn + CO$ (D) $HCl + NaOH \rightarrow Nacl + H_2O$

44 પ્રોટીનના પાચન માટે સ્વાદુરસમાં કયો ઉત્સેચક હોય છે ?

(A) લાયપેઝ (B) ટ્રિપ્સીન (C) એમાયલેઝ (D) ટાયલિન

45 પ્રકાશ સંશ્લેષણ દરમ્યાન કઈ પ્રક્રિયા થતી નથી ?

(A) ક્લોરોફિલ દ્વારા પ્રકાશ ઊર્જાનું શોષણ

(B) પ્રકાશ ઊર્જાનું રાસાયણિક ઊર્જામાં રૂપાંતર

(C) કાર્બન ડાયોક્સાઈડનુ કાર્બોદિતમાં ઑક્સિડેશન

(D) કાર્બન ડાયોક્સાઈડનુ કાર્બોદિતમાં રિડકશન

46	પચેલા આહાર અને નાના આંતરડા દ્વારા અભિશોષણ પામેલ કયા ઘટકનું વહન લસિકા દ્વારા થાય છે ? (A) ચરબી (B) પ્રોટીન (C) ખનીજક્ષારો (D) કાર્બોદિત
47	પ્રાણીઓમાં નિયંત્રણ અને સંકલન શાના દ્વારા થાય છે ? (A) કંકાલપેશી અને સ્નાયુપેશી (B) ચેતાપેશી અને સંયોજકપેશી (C) સ્નાયુપેશી અને અધિચ્છદપેશી (D) ચેતાપેશી અને સ્નાયુપેશી
48	મગજનો મુખ્ય વિચારવાવાળો ભાગ કયો છે ? (A) અગ્રમગજ (B) મધ્યમગજ (C) પશ્ચમગજ (D) સેતુ
49	શરીરના વિકાસ માટે ચયાપચયનું નિયમન કરતો અંતઃસ્ત્રાવ કયો છે ? (A) એડ્રિનાલિન (B) થાઈરોક્સિન (C) વૃધ્ધિ અંતઃસ્ત્રાવ (D) ઈન્સ્યુલિન
50	2m કેન્દ્રલંબાઈ ધરાવતા અંતર્ગોળ લેન્સનો પાવર કેટલો હોય છે ? (A) −0.5 D (B) + 0.5 D (C) − 4.0 D (D) + 4.0 D
51	લેન્સના કેન્દ્રબિંદુને શું કહે છે ? (A) વક્તાકેન્દ્ર (B) મુખ્યકેન્દ્ર (C) પ્રકાશીય કેન્દ્ર (D) ધ્રુવ
52	સામાન્ય દ્રષ્ટિ ધરાવતી પુખ્ત વ્યક્તિ માટે દ્રષ્ટિનું લઘુતમ અંતરનું મૂલ્ય કેટલું હોય છે ? (A) 25 cm (B) 25 mm (C) 25 m (D) 50 mm
53	સૂર્યપ્રકાશ સાતરંગોનો બનેલો છે તેવો વિચાર કયા વૈજ્ઞાનિક કે રજૂ કર્યો ? (A) આઈન્સ્ટાઈન (B) ન્યૂનટ (C) ટીંડલ (D) ડાલ્ટન
54	એક કુલંબ વિદ્યુતભારની રચના કરતા ઈલેક્ટ્રોનની સંખ્યા કેટલી છે ? (A) 6.25×10^{19} (B) 1.6×10^{19} (C) 6.25×10^{20} (D) 6.25×10^{18}
55	જો અવરોધનું મૂલ્ય બમણું કરવામાં આવે તો વિદ્યુતપ્રવાહ _____ થાય. (A) અડધો (B) બે ગણો (C) ચાર ગણો (D) એકસરખો
56	એક વિદ્યુત બલ્બને 220 V ના જનરેટર સાથે જોડેલ છે. વિદ્યુતપ્રવાહ 500 mA છે. તો બલ્બનો પાવર કેટલો હશે ? (A) 120 W (B) 100 W (C) 110 W (D) 500 W
57	બલ્બનો ફિલામેન્ટ બનાવવા માટે વપરાતા ટંગસ્ટનનું ગલનબિંદું કેટલું છે ? (A) 3350 °C (B) 3380 °C (C) 3550 °C (D) 3580 °C

58	એક સોલર વિશિષ્ટ સેલ કેટલો વિદ્યુતપાવર પેદા કરે છે ? (A) 0.4 W (B) 0.5 W (C) 0.6 W (D) 0.7 W
59	ગુજરાતમાં કઈ જગ્યાએ ન્યૂક્લિયર પાવર સ્ટેશન આવેલું છે ? (A) કાકરાપાર (B) ઉકાઈ (C) વણાકબોરી (D) ગાંધીનગર
60	પ્રાથમિક ઉપભોગીઓ _____ પોષકસ્તર બનાવે છે. (A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ
61	ભારતમાં વેપાર અર્થે સૌપ્રથમ કઈ પ્રજા આવી ? (A) અંગ્રેજો (B) ડચ (C) પોર્ટુગીઝ (D) ડેનિશ
62	બીજા વિશ્વયુદ્ધના બીજ કઈ સંધિમાં રોપાયાં હતા ? (A) ફ્રેંકફર્ટની સંધિ (B) વર્સેલ્સની સંધિ (C) ફ્રાન્સ અને બ્રિટનની સંધિ (D) જર્મની અને હંગેરીની સંધિ
63	આંતરરાષ્ટ્રીય અદાલતનું મુખ્યમથક કયા શહેરમાં છે ? (A) વૉશિંગ્ટન (અમેરિકા) (B) મોસ્કો (રશિયા) (C) લંડન (બ્રિટન) (D) હેગ (નેધરલેન્ડ)
64	દેશી રાજ્યોને સ્વતંત્ર ભારત સંઘ સાથે જોડવાનો પ્રશ્ન કોણે ઉકેલ્યો ? (A) સરદાર વલ્લભભાઈ પટેલ (B) જવાહરલાલ નેહરુ (C) માઉન્ટ બેટન (D) ચક્રવર્તી સી. રાજગોપાલાચારી
65	સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ શેમાં દર્શાવવામાં આવ્યા છે ? (A) સંયુક્ત રાષ્ટ્રોના ઘોષણાપત્રમાં (B) સંયુક્ત રાષ્ટ્રોના માનવહકોમાં (C) સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિના બંધારણમાં (D) સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રના આમુખમાં
66	ગોવાનું મુખ્યમથક કયું છે ? (A) પુડુચેરી (B) માહે (C) પણજી (D) કરાઈકલ
67	ભારતીય બંધારણસભાના અધ્યક્ષ કોણ હતા ? (A) ડૉ. ભીમરાવ આંબેડકર (B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (C) કનૈયાલાલ મુનશી (D) જવાહરલાલ નેહરુ
68	સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકનું સંચાલન કોણ સંભાળે છે ? (A) લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) (B) રાજસભાના ચેરમેનના (સભાપતિ) (C) ઉપરાષ્ટ્રપતિ (D) વડાપ્રધાન

69	સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂંક કોણ કરે છે ? (A) ઉપરાષ્ટ્રપતિ (B) રાષ્ટ્રપતિ (C) વડાપ્રધાન (D) ગવર્નર
70	ક્ષેત્રફળની દૃષ્ટિએ જોતાં ભારત વિશ્વમાં કેટલામાં ક્રમે આવે છે ? (A) સાતમા (B) પાંચમા (C) ત્રીજા (D) બીજા
71	ગુજરાતમાં મુખ્યત્વે કેવા પ્રકારની જમીન આવેલી છે ? (A) રાતી જમીન (B) પડખાઉ પ્રકારની જમીન (C) કાળી જમીન (D) પર્વતીય જમીન
72	બે ક્રમિક અક્ષાંશ વચ્ચે આશરે કેટલા કિમીનું અંતર હોય છે ? (A) 111 કિમી (B) 120 કિમી (C) 130 કિમી (D) 100 કિમી
73	એશિયાઈ સિંહો ક્યાં જોવા મળે છે ? (A) ગીર (ગુજરાત) (B) કાન્હા (મધ્યપ્રદેશ) (C) વેળાવદર (ગુજરાત) (D) કાઝીરંગા (અસમ)
74	તમિલનાડુનું જાણીતું નૃત્ય કયુ છે ? (A) લાવણી નૃત્ય (B) કુચીપુડી (C) ભાંગડા (D) ભરતનાટ્યમ્
75	ભારતમાં વર્ષાઋતુનો પ્રારંભ કયાંથી થાય છે ? (A) મુંબઈ (B) કર્ણાટક (C) કેરળ (D) આંધ્ર
76	કાર્તિકી પૂર્ણિમાનો મેળો ક્યાં યોજાય છે ? (A) મોઢેરા (B) સોમનાથ (C) ગિરનાર (D) બહુચરાજી
77	ગુજરાતના કયા કવિએ શ્રીકૃષ્ણપ્રેમની રંગભરી ગરબીઓ રચી ? (A) નરસિંહ મહેતા (B) નર્મદ (C) પ્રેમાનંદ (D) દયારામ
78	π (પાઈ) ની કિંમતનો ઉલ્લેખ ભારતના કયા પ્રાચીનગ્રંથમાં થાય છે ? (A) આર્યભટ્ટીયમ્ (B) આર્યસિદ્ધાંત (C) બીજગણિત (D) લીલાવતી ગણિત
79	લોથલ કઈ બે નદીઓના વચ્ચેના પ્રદેશમાં આવેલું છે ? (A) નર્મદા અને તાપી (B) શેત્રુંજી અને ભાદર (C) ભોગાવો અને સાબરમતી (D) આજી અને નારી
80	સારનાથના સ્તંભની ટોચ ઉપર ઊભેલા કેટલા સિંહોની આકૃતિ છે ? (A) બે (B) ત્રણ (C) પાંચ (D) ચાર

81	ગુજરાતનું પ્રાચીન, પ્રસિદ્ધ સૂર્યમંદિર ક્યાં આવેલું છે ? (A) સિધ્ધપુર (B) મોઢેરા (C) વડનગર (D) પાટણ
82	ભારતનો પ્રાચીનતમ ગ્રંથ કયો છે ? (A) સામવેદ (B) યજુર્વેદ (C) ઋગ્વેદ (D) અથર્વવેદ
83	કયા વંશના રાજવીએ વલભીપીઠના આશ્રયદાતાઓ હતા ? (A) મૈત્રકવંશ (B) મૌર્યવંશ (C) શૃંગવંશ (D) ગુપ્તયુગ
84	ભારતના ગણિતશાસ્ત્રના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ? (A) આચાર્ય નાગાર્જુન (B) મહર્ષિ ચરક (C) આર્યભટ્ટ (D) મહર્ષિ પતંજલિ
85	એલિફન્ટાની કઈ શિલ્પકૃતિની ગણના દુનિયાની સર્વોત્તમ મૂર્તિઓમાં થાય છે ? (A) હાસ્યમુદ્રામાં વિષ્ણુ (B) ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) (C) મહિષાસુરનો વધ કરતી દુર્ગાદેવી (D) કૈલાસમંદિર
86	પાટણની વાવનું નિર્માણ કોણે કરાવેલ ? (A) રાણી ઉદયમતિ (B) મયણલ્લદેવી (C) સિધ્ધરાજ જયસિંહ (D) ભીમદેવ 1 લો
87	રાષ્ટ્રીય સ્મારકોની જાળવણીની જવાબદારી કોની છે ? (A) રેવન્યુ ખાતાની (B) પોલીસ ખાતાની (C) જાહેર બાંધકામ (PWD) ખાતાની (D) પુરાતત્ત્વ ખાતાની
88	ભારતના કુલ ક્ષેત્રફળના લગભગ કેટલા ટકામાં કાળી જમીન છે ? (A) 43% (B) 29% (C) 15% (D) 35%
89	ગુજરાતમાં ક્યું વન્યજીવ નષ્ટ થયેલ છે ? (A) વાઘ (B) રીંછ (C) હરણ (D) દીપડો
90	ગુજરાતમાં કયા પ્રદેશમાં સૂકી ખેતી થાય છે ? (A) ઉત્તર ગુજરાત (B) દક્ષિણ ગુજરાત (C) કચ્છ (D) ભાલપ્રદેશ
91	ઉનાળામાં લેવામાં આવતા પાકને કેવો પાક કહે છે ? (A) રવી પાક (B) જાયદ પાક (C) ખરીફ પાક (D) બાગાયતી પાક
92	તેલનું સૌથી વધુ પ્રમાણ કયા તેલીબિયામાં હોય છે ? (A) સોયાબિન (B) મગફળી (C) તલ (D) એરંડા

93	ભારતમાં સૌથી વધુ લોખંડ કયા રાજ્યમાંથી મળે છે ? (A) કર્ણાટક (B) ઓડિશા (C) ઝારખંડ (D) છત્તીસગઢ
94	ભારતનો વસ્તી વધારાનો સરેરાશ દર કેટલા ટકા છે ? (A) 2.1 ટકા (B) 2.3 ટકા (C) 2.4 ટકા (D) 1.9 ટકા
95	સરકાર કઈ પેદાશોના ભાવો નિર્ધારિત કરે છે ? (A) રૂ (B) પેટ્રોલિયમ પેદાશ (C) ખાદ્યતેલ (D) ચા
96	માનવ વિકાસ આંકની વિભાવના કોણે કરી ? (A) અમર્ત્યસેન (B) બ્લોર્ડ ઓટે (C) અરુણ જેટલી (D) ડૉ. હંસાબહેન મહેતા
97	ગુજરાત સરકારે મહિલાઓ માટે સરકારી નોકરીમાં કેટલા ટકા અનામતની જોગવાઈ કરી છે ? (A) 30% (B) 35% (C) 38% (D) 33%
98	દિલ્લીના લાલ કિલ્લાનું નિર્માણ કોણે કરાવેલ ? (A) બાબર (B) અકબર (C) શાહજહાં (D) જહાંગીર
99	અનુસૂચિત જનજાતિનો સમાવેશ બંધારણની કઈ કલમની અનુસૂચિમાં કરવામાં આવેલ છે ? (A) કલમ 340 (B) કલમ 342 (C) કલમ 330 (D) કલમ 335
100	'સંગીત મકરંદ' ગ્રંથ કોણે લખ્યો હતો ? (A) પં.નારદ (B) પં. સારંગદેવ (C) પં. અહોબલે (D) તાનસેન

રફ કામ માટેનું પેઇજ

રફ કામ માટેનું પેઇજ

રફ કામ માટેનું પેઇજ

રફ કામ માટેનું પેઇજ

રફ કામ માટેનું પેઇજ

SEAL

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઇ પરીક્ષા માટે જ તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.